## વાત ગાંધીનગરની

ભક્તિના માહોલમાં શ્રાવણ આરંભાયો. પાંખી હાજરી વચ્ચે શિવાલયોમાં ભગવાન શિવની આરાધના સાથે મંદિરોમાં ચહલ-પહલ જોવા મળી હતી. જો કે દર્શનાર્થીઓમાં ઓટ આંખે ઉડીને વળગે તેવી હતી. મોટાભાગના શીવાલયોના દરવાજે બિલીપત્ર નહિ ચડાવવા અને અભિષેક નહિ કરવાની સુચનાઓ મુકતા ભાવિકો નિરાશ પણ થયા હતા. સાથોસાથ મંગળવાર એટલે ધારાસભ્યોનો દિવસ. ભાજપના ગણ્યા-ગાઠ્યા ધારાસભ્યો અને સાંસદો સચિવાલયમાં જોવા મળ્યા હતા. જોકે બપોરે કમલમ્ પર પ્રદેશ અધ્યક્ષના સમારોહમાં મોટી સંખ્યામાં ધારાસભ્યો અને કાર્યકરો હાજર હતા.

**સોશીયલ ડીસ્ટન્સીંગ સાથે પણ ડીસ્ટન્સીંગ**

ભાજપના નવ નિયુક્ત પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલના રાજ્યાભિષેક પ્રસંગે શુભેચ્છા આપવા ઉમટેલા ભાજપના નેતાઓ અને કાર્યકરોના સમુહે સામાજીક અંતર સાથે અંતર રાખ્યુ હતુ. હાથ મીલાવવાની જુની ટેવો કે ભેટવાનો ઉમળકો નિયંત્રીત કરી શકાયો નહોતો... રાજકારણમાં મ્હોં દેખાડવાનો મહીમા આમેય મોટો હોય છે ત્યારે પાટીલ સાહેબને પોતાની હાજરીનો અહેસાસ કરાવવા પડાપડી થઈ હતી.

**ધારાસભ્યોની પણ પાંખી હાજરી**

મંગળવાર હોવાથી મુખ્યમંત્રી અને મંત્રીઓની મુલાકાત માટે સમય અનામત રખાયો હતો પરંતુ કોરોનાના વધતા સંક્રમણને પગલે ધારાસભ્યોની હાજરી પાંખી હતી. સ્વર્ણિમ સંકુલમાં ગણ્યાં ગાઠ્યાં ધારાસભ્યો નજરે પડ્યા હતા. ખાસ કરીને નજીકના વિસ્તારના ધારાસભ્યો જ રજૂઆત માટે ગાંધીનગર આવ્યા હતા. રાજ્યના બાર જેટલા ધારાસભ્યો કોરોનાથી સંક્રમિત થતાં રાજકીય નેતાઓમાં પણ ફફડાટ અનુભવાય છે.

**નવા નેતાની નવી ટીમ એકાદ-બે દિવસમાં જ...**

ભાજપના નવા પ્રદેશ અધ્યક્ષ તરીકે નવસારીના સાંસદ સી.આર. પાટીલે મંગળવારે વિજય મુહૂર્તમાં કમલમ ખાતે કાર્યભાર સંભાળ્યો હતો. નિકટવર્તી વર્તુળોના કહેવા મુજબ આગામી બે-ત્રણ દિવસમાં જ નવી ટીમની જાહેરાત પણ થઈ જશે. સોમવારે રાત્રે મોડે સુધી પ્રદેશના અગ્રણીઓ સાથે વિસ્તૃત ચર્ચાઓ થઈ હોવાનુ જાણવા મળ્યુ છે. સાથો સાથ જિલ્લા પ્રમુખોની જાહેરાત પેટા ચૂંટણી પૂર્વે કરાય તેવી પૂરી સંભાવના છે. ભાજપ હવે પંચાયત અને પાલિકાની ચૂંટણી પહેલા જિલ્લા-તાલુકા સ્તરના સંગઠનને મજબૂત બનાવવા કટિબદ્ધ હોવાનું કહેવાય છે. જો કે રીસામણાં-મનામણાં હમણાં હમણાં ચાલે છે ત્યારે કદાચ નવા પ્રમુખ સૌની સંપ સુલેહ કરાવશે એમ માનવામાં અતિશયોક્તિ નથી.

**કડી કેમ્પસમાં કોરોનાનો પગ પેસારો**

શહેરના સૌથી મોટા શૈક્ષણિક સંકુલ કડી કેમ્પસના ત્રણેય વિભાગોમાં કોરોનાએ પગપેસારો કરતા અધ્યાપકો અને શિક્ષકોમાં ચિંતાની લાગણી પ્રસરી છે. કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ બે દિવસ પૂર્વે કોરોનાથી સંક્રમિત થયા હતા. તેઓની તબીયત સુધારા પર છે જો કે ગઈકાલે આરજી કન્યા વિદ્યાલયના શિક્ષિકા અને એલડીઆરપી કેમ્પસમાં પણ એક શિક્ષાકર્મીને પોઝીટીવ આવતા સૌને વર્ક ફ્રોમ હોમના આદેશ અપાયા. ત્રણેય કેમ્પસના સ્ટાફને સાવધાનીપૂર્વક કાર્યરત રહેવા મેનેજમેન્ટ જણાવ્યુ છે.

**'અર્ક' આજનો...**

હંમેશા કર્મ એવા કરીએ ફળ ભોગવતી વખતે તક મળે તકલીફ નહીં...

# ભાજપના પ્રદેશ અધ્યક્ષ તરીકે સી.આર. પાટીલે કાર્યભાર સંભાળ્યો




ગાંધીનગર,તા.૨૧

ભાજપના પૂર્વ પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીનો કાર્યકાળ પૂર્ણ થતાં આજે ગુજરાતના ભાજપ પ્રદેશ પ્રમુખ તરીકે નવસારીના સી.આર. પાટીલને ભાજપ પ્રદેશ અધ્યક્ષનો ચાર્જ સોંપાયો હતો. આ પહેલાં ગાંધીનગર સર્કિટ હાઉસ અને ત્યારબાદ કમલમ ખાતે ખુલ્લેઆમ સોશિયલ ડિસ્ટન્સના ચીંથરે ચીંથરા ઉડતા જોવા મળ્યાં હતાં.ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીની પૂરી થતાં જ ગુજરાતમાં નવા ભાજપના પ્રદેશ અધ્યક્ષ તરીકે નવસારીના સાંસદ સી.આર. પાટીલની નિમણૂક કરાઈ હતી. જે અંતર્ગત આજે સી.આર. પાટીલે તેમના પરિવાર અને કાર્યકર્તાઓ સાથે કમલમ ખાતે પૂર્વ પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીના હસ્તે શ્રીફળ અને ચુંદડી લઈને ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખનો ચાર્જ સંભાળ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન રાજયના મુખ્યપ્રધાન વિજય રૂપાણી નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલ ભાજપના નેતા સતીશ પણ હાજર રહ્યાં હતાં.ભાજપ પ્રદેશ પ્રમુખનો ચાર્જ સંભાળે તે પહેલા સી.આર. પાટીલ અને તેમના કાર્યકર્તાઓ દ્વારા સોશિયલ ડિસ્ટન્સ નિયમોનો ભંગ કરતા જોવા મળ્યાં હતાં. કોઈ જ પ્રકારનો ડિસ્ટન્સ રાખવામાં આવ્યો નહોતો.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વધુ ૧૨ કેસ નોંધાયા

### સિવિલના ૩ કર્મયોગીઓ સંક્રમિત થયા : ૧ શિક્ષક પણ કોરોનાની ઝપટમાં; સેક્ટર-૨માં ૩, સેક્ટર-૧૨માં બે, સેક્ટર-૧૩-એ, સેક્ટર-૨૯, સેક્ટર-૨૭, સે. ૨૪ અને સે. ૨૨માંથી કેસો મળ્યા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં આજે કોરોના પોઝીટીવના ૧૨ દર્દીઓ નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા વધીને ૩૮૧ પર પહોંચી છે. શહેરમાં કોરોનાના કેસો રોકેટ ગતિએ વધી રહ્યા છે અને કોસોની સંખ્યા ૪૦૦ ને પહોંચવામાં આવી છે.

શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્રમાં ચિંતા વધી છે. આજે નોંધાયેલા કેસોમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલના જ ત્રણ કર્મયોગીઓ સપડાયા છે. જેમાં એક કોમ્પ્યુટર આસિ. તેમજ વોર્ડ આસિસ્ટન્ટનો અને એક ડોક્ટરનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે નોંધાયેલા ૧૨ કેસમાં ૩ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલા કેસોમાં સેક્ટર-૨ ના ૩, જીઈબી કોલોની, સે. ૨૯, સે. ૨૭, સે. ૧૨ ના બે, સે. ૧૩ ના બે, સે. ૨૪ અને સે. ૨૨નો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા કેસોની સંખ્યા પણ વધી રહી હોવાથી તંત્રની ચિંતા ઘેરી બની છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨ માં ૩ કેસ નોંધાયા છે. સે. ૨-સી માં બે અને ૨-ડી માં એક કેસ નોંધાયો છે.

સેક્ટર-૨-સી માં રહી અભ્યાસ કરતી એક ૧૯ વર્ષીય દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ વિદ્યાર્થીનીના પરિવારના ૩ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

સે. ૨-સી માં એક ૬૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે. તેમને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરી તેમના પરિવારની એક વ્યક્તીને હોમ ક્વોરોન્ટાઈન કરેલ છે.

સેક્ટર-૨-ડી માંથી એક ૬૦ વર્ષીય પુરૂષ જે ખાનગી વેપાર કરે છે તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને ગાંધીનગર નજીકની ખાનગી હોસ્પિટલમાં જે ડીસીગ્નેટેડ હોસ્પિટલ છે તેમાં દાખલ કરવામાં આવ્યા છે. આ દર્દીના પરિવારના પાંચ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સિવિલ હોસ્પિટલમાં કોમ્પ્યુટર આસિ. તરીકે ફરજો બજાવતી અને સે. ૧૩ માં રહેતી એક ૨૭ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવતીની માતા જે સિવિલ હોસ્પિટલમાં વોર્ડ આસિસ્ટન્ટ તરીકે સેવાઓ આપે છે તેમને પણ કોરોના પોઝીટીવ આવતાં ગાંધીનગર સિવિલ

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૯ કેસ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે ૧૯ દર્દીઓ કોરોના પોઝીટીવના મળી આવતાં તંત્ર સતત દોડતુ રહ્યુ હતુ.

આજે નોંધાયેલા કેસોમાં ગાંધીનગર તાલુકામાં ૮, માણસામાં ૩ અને કલોલમાં ૮ કેસ નોંધાયા છે. ગાંધીનગર અને કલોલમાં જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રએ આ બન્ને તાલુકામાં સઘન સર્વેલન્સ અને ટેસ્ટીંગ વધારવાની વ્યુહરચના તૈયાર કરી છે. માણસા તાલુકામાં પણ ધીમી ગતિએ કેસો વધી રહ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યા ૮૦૦ ને પાર કરી ગઈ છે. મૃત્યુઆંકને લઈ તંત્ર મૌન સેવી રહ્યુ છે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારના કન્ટેનમેન્ટ

### ગાંધીનગર-કલોલમાં ૮-૮ કેસ તો માણસામાં 3 કેસ નોંધાયા : તંત્ર ઘેરી ચિંતામાં ગરકાવ

એરિયા અંગે પણ તંત્ર દ્વારા મૌન સેવવામાં આવી રહ્યુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે ગતિએ કેસો વધી રહ્યા છે તેણે તંત્રની ઊંઘ ઉડાડી દીધી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં આજે વધુ ૮ કેસ નોંધાયા છે. જેથી તંત્રની ચિંતા વધી છે. કુડાસણ, પેથાપુર, અડાલજ બાદ હવે મોટા-ચિલોડા વિસ્તાર પણ હોટસ્પોટ તરીકે ઉભરી રહ્યો છે જેને લઈ તંત્ર ચિંતીત બન્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગ્રામીણ વિસ્તારમાં ૩૬ દર્દીઓ રિકવર થતાં ડિસ્ચાર્જ અપાયુ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસો પૈકી આજે એક જ દિવસમાં ૩૬ જેટલા દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારના એક સાથે આટલી મોટી સંખ્યામાં આજે ડિસ્ચાર્જ આપવામાં આવતાં તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો છે. જો કે તંત્રના સૂત્રોનો દાવો છે કે ગ્રામીણ વિસ્તારમાં કેસોની સંખ્યા વધી રહી છે પરંતુ સામે રિકવરી રેટ પણ એટલો જ સારો જણાયો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં નોંધાયેલા ૮૦૫ જેટલા દર્દીઓમાંથી ૫૭૩ દર્દીઓને અત્યાર સુધીમાં રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં હાલ ૧૭૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લામાં આજે ૨૩૯૧૫ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે. જેમાં ૨૩૭૬૮ હોમ ક્વોરોન્ટાઈન, ૭૨ સરકારી ફેસીલીટી સેન્ટરમાં તેમજ ૭૫ લોકો પ્રાઈવેટ ફેસીલીટી સેન્ટરમાં ક્વોરોન્ટાઈન હેઠળ છે.

# વૃક્ષોને બચાવવા હવે ટ્રી-ટ્રાન્સપ્લાન્ટર કામે લાગશે

### વિકાસના કામો વચ્ચે હરિયાળા વૃક્ષોની કટોતી ન થાય તે માટે વનમંત્રીએ યંત્રનુ લોકાર્પણ કર્યુ : વૃક્ષોના વાવેતર ઉછેર માટે ગુજરાત દેશમાં પાયોનિયર : વનમંત્રી ગણપતસિંહ વસાવા






ગાંધીનગર તા ૨૧

હાઈટેક બનતા ગાંધીનગરમાં વિકાસના અનેકવિધ કામો વચ્ચે હરિયાળીનુ નિકંદન વળી રહ્યુ છે. ત્યારે હરિયાળા વૃક્ષોને બચાવવા માટે રૂ ૨.૫૦ કરોડના ખર્ચે નવુ ટ્રી ટ્રાન્સપ્લાન્ટર યંત્રનુ આજે લોકાર્પણ કરાયુ હતુ આ મશીનના આધારે વૃક્ષોને અન્ય જગ્યાએ ખસેડી વાવણી કરી શકાશે જયારે વિકાસના કામો દરમિયાન વૃક્ષોની કટોતી પણ અટકાવી શકાશે.

ગાંધીનગરમાં આજે પુનીતવન ખાતે ટ્રી ટ્રાન્સપ્લાન્ટર યંત્રનુ વનમંત્રીએ લોકાર્પણ કર્યુ હતુ. શહેરમાં તેમજ રાજયમાં વિકાસના અનેક વિધ કામો વચ્ચે હરિયાળા વૃક્ષોની પણ કટોતી કરવી પડે છે. આવા સંજોગોમાં વૃક્ષોને બચાવી અન્ય જગ્યાએ ખસેડીને તેનુ પુન : સ્થાપન કરી શકાય તે માટે આ મશીન ખરીદવામાં આવ્યુ છે. અત્યાર સુધી રાજયમાં વિવિધ જગ્યાએ ૨ હજારથી વધુ વૃક્ષોને ટ્રાન્સપ્લાન્ટ કરાયા છે. જયારે ગાંધીનગરમાં પણ આજે વોલ્વો કંપનીના આ યંત્રનુ લોકાર્પણ કરાયુ છે. આ તબક્કે વનમંત્રી ગણપત વસાવાએ જણાંવ્યુ હતુ કે વિકાસ માટે વૃક્ષછેદન કરવાની અનિવાર્યતા ઉભી થાય છે પરંતુ પર્યાવરણને પણ સંતુલિત રાખવુ મહત્વનુ છે. ત્યારે વિકાસના કામો દરમિયાન વૃક્ષછેદન અટકાવી શકાય અને તેને મુળ જગ્યાએથી અન્ય ઠેકાણે પુન : સ્થાપિત કરી શકાય તે માટે આ મશીન ઉપયોગી નિવડશે. તેમણે જણાંવ્યુ હતુ કે વન બહારના વિસ્તારમાં વક્ષ વાવેતર અને ઉછેરમાં આપણુ રાજય પાયોનિયર છે. રાજયમાં વર્ષ ૨૦૦૪ ના સર્વે અનુસાર ૨૫.૧૦ કરોડ વૃક્ષો હતો. જયારે વર્ષ ૨૦૧૭ મુજબ ૩૪.૩૫ કરોડ વૃક્ષો છે. વન બહારના વૃિક્ષોની સંખ્યામાં છલ્લા ૧૩ વર્ષમાં ૩૭ ટકાનો વધારો થયો છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર જિલ્લામાં સિઝનનો ૩૧.૩૯ ટકા વરસાદ નોંધાયો

### સૌથી વધુ દહેગામ તાલુકામાં ૩૭.૯૧ ટકા જયારે સૌથી ઓછો કલોલમાં ૨૧.૫૨ ટકા વરસાદ

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે દિવસથી વરસાદે વિરામ લીધો છે. શહેરમાં વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદની ગેરહાજરીમાં ઉકળાટનુ પ્રમાણ વધ્યુ છે. ત્યારે નગરજનો બફારાથી બેચેન બન્યા છે. જિલ્લામાં અત્યાર સુધી સરેરાશ ૩૧.૩૯ ટકા વરસાદ થયો છે. જયારે સૌથી વધુ વરસાદ દહેગામ તાલુકામાં ૩૭.૯૧ ટકા નોંધાયો છે.જયારે કલોલમાં સૌથી ઓછો ૨૧.૫૨ ટકા વરસાદ થયો છે. શહેરમાં પણ અત્યાર સુધી ૧૪ ઈંચ જેટલો વરસાદ થયો છે. શહેરમાં છેલ્લા બે દિવસથી વાદળિયા વાતાવરણ વચ્ચે ઉકળાટનુ પ્રમાણ વધતા નગરજનો બેચેન બન્યા છે.

ગાંધીનગર શહેરમાં વરસાદી વાયરાના અંતે છેલ્લા બે દિવસથી વાતાવરણમાં ઉઘાડ જોવા મળી રહ્યો છે. દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે આકાશમાં તપતા સુરજે નગરજનો અસહ્ય ઉકળાટ અનુભવી રહ્યા છે. બે દિવસથી વરસાદી વાદળો પણ અદ્રશ્ય થઈ ગયા છે. અલબત્ત આછેરા વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી નઝારો પણ કયારેક કયારેક નિખરે છે. પરંતુ વરસાદ આવતો નથી. ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધી સિઝનનો ૩૧.૩૯ ટકા વરસાદ થયો છે. જેમાં સૌથી વધુ દહેગામ તાલુકામાં ૩૭.૯૧ ટકા અને કલોલ તાલુકામાં સૌથી ઓછો ૨૧.૫૨ ટકા વરસાદ થયો છે. આ ઉપરાંત ગાંધીનગર તાલુકામાં ૩૧.૩૧ ટકા અને માણસા તાલુકામાં ૩૪.૦૮ ટકા વરસાદ નોંધાયો છે. જિલ્લામાં અત્યાર સુધી સરેરાશ ૨૪૫ મી મી વરસાદ થયો છે. અલબત્ત જિલ્લામાં સિઝનનો ૧૦ ઈંચ વરસાદ થયો છે. જિલ્લામાં વરસાદી મોસમ નિખરતા ખેડુતોમાં હાંશકારો અનુભવ્યો હતો. જિલ્લામાં વાવણીલાયક વરસાદ થતા ખેડુતો વાવણીની પ્રક્રીયામાં લાગી ગયા છે. જયારે જિલ્લામાં આ વર્ષે મગફળીના વાવેતરમાં ૫૦ ટકાનો વધારો થયો છે. અલબત્ત દરવર્ષ કરતા મગફળીનુ વાવેતર બમણુ થયુ છે. જિલ્લામાં હજુ નોંધપાત્ર વરસાદ થયા તેની વાટ જોવાઈ રહી છે. રોજબરોજ આકાશમાં વરસાદી વાદળો ઘેરાય છે. ત્યારે મેઘરાજા હજુ મન મુકીને વરસે તેવી આશ સેવાઈ રહી છે.

# જિલ્લામાં વર્ગખંડ માટે ગત વર્ષે ૧ કરોડ ૮૫ લાખની ગ્રાન્ટ મળી હતી

### ૨૦૧૮-૧૯ માં ૧૨ કરોડ ૪૬ લાખથી વધુની ગ્રાન્ટ આ માટે મળી હતી : તંત્ર

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન થકી વર્ગખંડો બનાવવા માટે ૧૯-૨૦માં ૧૮૫ લાખની રકમ ફાળવવામાં આવી હતી. જયારે ૨૦૧૮-૧૯ માં ૧૨૪૬.૬૬ લાખની રકમ ફાળવવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લા પંચાયતની ગઈકાલે મળેલ સામાન્ય સભામાં કોંગીના જવસિંહ ચારેલે પુછેલા ઉત્તરમાં શિક્ષણ વિભાગે જણાવ્યુ હતુ કે ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ માં શિક્ષણ સમિતિને વર્ગખંડ માટે ગ્રાન્ટ ફાળવી નથી.

વર્ગખંડ અંગેની ગ્રાન્ટ, વર્ગખંડની મંજૂરી અને બાંધકામ અંગેની કાર્યવાહી સર્વશિક્ષા અભિયાન કચેરી ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે. આ કચેરી જિલ્લા પંચાયત હસ્તક આવતી નથી તેમ પણ સ્પષ્ટ જણાવાયુ છે.

૨૦૧૯-૨૦ માં જિલ્લામાં ૨૩ નવા વર્ગખંડ બનાવવામાં આવ્યા છે. જિલ્લામાં ૧૨ થી પણ વધુ પ્રા. શાળાઓ જર્જરિત હોવાની તેમજ ૩૦૦ થી વધુ વર્ગખંડો જર્જરિત હોવાની રજુઆત કોંગીના સભ્યોએ કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com